# બિઝનેસ સેન્ટરના વેપારીઓની લારીધારકો વિરૂદ્ધ વધુ એક ફરિયાદ

**અગાઉ પણ આ વેપારીઓએ વિજળીક હડતાલ પાડી એસ.પી.ને રજુઆત કરી હતી છતાં પરીણામ શૂન્ય**

ભાવનગર, શનિવાર

ઘોઘાગેટ વિસ્તારમાં લારીવાળાના મામલે વેપારીઓ દ્વારા વધુ એક વખત રજુઆત કરવામાં આવી છે.

ભાવનગરના ઘોઘાગેટ વિસ્તારમાં આવેલા બિઝનેસ સેન્ટરના વેપારીઓ દ્વારા આજે લારી અને બાકડાના પ્રશ્ને વધુ એક વખત રજુઆત કરવામાં આવી છે. બિઝનેસ સેન્ટરની આજુબાજુ ઉભી રહેતી લારીઓ અને બાકડા હટાવવા વેપારી મંડળ દ્વારા માંગણી કરવામાં આવી છે.

વેપારીઓનું પ્રતિનિધિ મંડળ આજે નાયબ પોલીસ વડાને રજુઆત કરવા દોડી ગયું હતું અને આ પ્રશ્ને યોગ્ય કરવા માંગણી કરવામાં આવી હતી. નાયબ પોલીસ વડા એચ.યુ.પાંડેએ વેપારીઓને સાંભળ્યા હતાં અને સી ડિવીઝન પોલીસ અધીકારીને યોગય પગલા ભરવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ પ્રશ્ને ઘોઘાગેટના વેપારીઓએ આકસ્મીક બંધ પાળી પોલીસ વડાને રજુઆત કરી હતી છતાં સમસ્યાનો કોઈ ઉકેલ ન આવતા આજે વધુ એક વખત રજુઆત કરવામાં આવી હતી.

# ઉનાળા શરૂ: એક જ સપ્તાહમાં તાપમાનમાં ૮ ડિગ્રીનો વધારો

ભાવનગર, શનિવાર

ગોહિલવાડ પંથકમાં ઉનાળાનો વિધિવત પ્રારંભ થઈ ગયો છે, ગરમીનો પારો સતત આગળ વધી રહ્યો છે.

ગોહિલવાડ પંથકમાં ઉનાળાનો પ્રારંભ થઈ ચૂકયો છે, ગરમીનું પ્રમાણ દિન-પ્રતિદિન આગળ વધી રહ્યું છે. તો રાત્રીના તાપમાનમાં પણ વધારો થતાં ઘર અને ઓફિસમાં પંખા અને એ.સી.નો ધમધમાટ શરૂ થઈ ગયો છે. છેલ્લા એક સપ્તાહમાં ગરમીના પ્રમાણમાં ૮ ડિગ્રીનો વધારો નોંધાયો છે. આજે ગરમીનું પ્રમાણ ૩૮.૨ ડિગ્રી જેટલું ઉંચુ રહેતા બપોરના સમયે બળબળતા તડકાનો અહેસાસ જોવા મળ્યો હતો. રાત્રીના સમયે પણ ગરમીનું પ્રમાણ જોવા મળ્યું છે. લઘુત્તમ તાપમાન ૨૩.૮ ડિગ્રી નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૨ નોંધાયું છે, જ્યારે પવનની ઝડપ ૧૩ કિલોમીટર પ્રતિકલાક રહેવા પામી છે.

ગરમીનું પ્રમાણ જોતા આગામી સપ્તાહમાં જ તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી જાય તેવી શકયતા છે.

# ભાવનગરમાં ‘વિશ્વ ઝામર દિવસ’ની ઉજવણી કરાઈ

**ઉજવણીના ભાગરૂપે લોકોમાં જાગૃતતા લાવવા જાણિતા સર્જનનું વ્યાખ્યાન યોજાયું**

ભાવનગર, શનિવાર

વિશ્વ ઝામર દિવસની ઉજવણીના ભાગરૂપે ભાવનગરમાં આંખના સર્જનનું જાહેર વકતવ્ય યોજવામાં આવ્યું હતું.

આંખમાં થતો ‘ઝામર’ નામનો રોગ એ નજરનો ચોર છે. ઝામરમાં ગુમાવાયેલી દ્રષ્ટિ પછીથી કોઈપણ ઉપાયે પાછી મેળવી શકાતી નથી. વિશ્વમાં આશરે ૨૪ કરોડથી વધારે લોકો ઝામરના કારણે કાયમી અંધાપો ભોગવી રહેલ છે. આથી ઝામર વિષે જાહેર જનતામાં જાગૃતતા લાવવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા દર વર્ષે તારીખ ૧૨ માર્ચને ‘વિશ્વ ઝામર દિવસ’ દિવસ તરીકે મનાવવામાં આવે છે.

ઝામરના પ્રકાર, તે થવાના કારણો તથા તેના ઉપાયો વિગેરે વિશે એક જાહેર વ્યાખ્યાન ‘સિપ્લા’ કંપનીના સહયોગથી યોજાયું હતું. જેમાં ભાવનગરના જાણીતા આંખના સર્જન ડો.જગદીપ કાકડીયાએ વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ સ્લાઈડ શો દ્વારા રોગ અંગેની સમજણ આપી હતી. વ્યાખ્યાન બાદ ડો.કાકડીયાએ આ રોગ સંબંધી પ્રશ્નોના ઉત્તરો પણ આપ્યા હતાં.



# એક નજર ઈધર ભી....

★ ભાવનગર પંથકમાં છેલ્લા એક સપ્તાહથી ચોરી, લૂંટ સહિતના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે. મહુવા, તળાજાની મંદીર ચોરી અને લૂંટના બનાવ તાજા છે ત્યાં પાલિતાણા રોડ ઉપર આવેલા નોંઘણવદર ગામમાં લૂંટારૂ ટોળકીએ મારપીટ કરીને મધરાતે લૂંટ ચલાવતા ગ્રામજનોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. ગામના પ્લોટ વિસ્તારમાં આવેલા મકાનમાં ત્રાટકેલા લૂંટારાઓ દંપતિને માર મારીને સોનાના ઘરેણાં લૂંટી ફરાર થઈ જતાં આ અંગે પાલિતાણા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

★★★

★ ભાવનગર જિલ્લામાં વીજ કંપની દ્વારા વીજચોરી અંગે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે ત્યારે ગ્રામજનો દ્વારા વીજ કર્મચારીઓ ઉપર હુમલાના બનાવ પણ બની રહ્યા છે. આજે તળાજા તાલુકાના દાઠા તાબેના કાટીકડા ગામમાં વીજ ચેકીંગ ઉપર ગ્રામજનોએ ઘેરાવ કરી ડેપ્યુટી ઈજનેર ઉપર હુમલો કરવાની ઘટના બનતા આ અંગે દાઠા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

★★★

★ ઔદ્યોગિક એકમોમાં આગજનીના બનાવ હવે કાયમી બન્યા છે. ઢસા, લાઠી, મહુવા બાદ તળાજામાં આવેલા ડુંગળીના કારખાનામાં આજે આગ લાગતા રૂા.૫ લાખનું નુકશાન થયાનું જાહેર કરવામાં આવ્યું છે. તળાજામાં આવેલી રોયલ ડી-હાઈડ્રેશન નામની ફેક્ટરીમાં રીપેરીંગ કામ ચાલું હતું તે સમયે શોર્ટ સર્કીટ થતા આગ ભભૂકી ઉઠી હતી. આગની ઘટનામાં ડુંગળીનો જથ્થો સળગી ઉઠ્યો હતો.